જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૭/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૪૩૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૬૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૭ બિયર ટીન, ૧ રિક્ષા અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૩૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ સમાચાર યાદી નં.૧૪૩૪/૧૭

**આનંદનગરઃ** પ્રતિકભાઇ સુરેશભાઇ ઠક્કર (રહે. ત્રીશુલ સોસાયટી શિવમ સોસાયટી પાછળ ભાડુઆતનગર મણીનગર) એ તા.૧૨/૭/૧૭ નારોજ **આનંદનગર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૭/૧૭ થી વીસ દિવસ પહેલા આનંદનગર ૧૦૦ ફુટ રોડ ખાતે ટાયટેનીયમ સીટી સેન્ટર ખાતે પ્રતિકભાઇએ મોબાઇલ ફોન રીચાર્જના ડીસ્ટ્રીબ્યુટરશીપ માટે રૂપિયા ૨૪,૦૦,૦૦૦/- ભર્યા હતા. ત્યારબાદ આરોપી (૧) વિશાલ વાસુદેવભાઇ મોદી (રહે.ડી બ્લોક પાંચમા માળે આર્યવિલ્લા ફ્લેટ ન્યુ રાણીપ) (૨) દેવાંસુ પ્રકાશકુમાર માલવીયા (રહે.શક્તિનગર સોસાયટી બાપુનગર) (૩) દિક્ષીત જીતુભાઇ પ્રજાપતિ (રહે. જગન્નાથ મંદિરની ગલી જમાલપુર) (૪) વિરેન્દ્ર મોદી (રહે. ધના સુથારની પોળ રીલીફ રોડ) અને (૫) તનમય શેઠ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી બેલેન્સ નહી આપી લીધેલા નાણા પરત નહી આપી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારગી ચલાવે છે.

**કાલુપુરઃ**અજબસિંહ કરણસિંહ સિસોદિયા (રહે. નંદીપાર્ક સોસાયટી સૈજપુર બોઘા કૃષ્ણનગર નરોડા) એ તા.૧૨/૭/૧૭ નારોજ **કાલુપુર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧૦/૨૦૧૬ થી તા.૨૨/૧૦/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મુલારામ લાલજી ચૌધરી (રહે. એન-૮,સી પ્રથમ માળ વાણુંવાસ પ્લાઝા સીગરાથોપ ટ્રીચી તમીલનાડું) અને (૨) નેનારામ લાલજી ચૌધરી (રહે.અંબિકા કલેકશન ધીંકાટા કાલુપુર) કાલુપુર પાંચકુવા ભગવતી કલોથ માર્કેટ દુકાન નં-૮ ખાતે ડી.નાનચંદ નામની કાપડની પેઢીમાંથીકાપડનો માલ કિમત રૂપિયા ૯,૨૧,૪૬૯/- ઉધાર ખરીદી કરી આજદિન સુધી નાણાં નહી ચુકવીવિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.મકવાણા ચલાવે છે.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૪૩૫/૧૭

**ચાંદખેડાઃ** વિમલભાઈ બાબુભાઈ કાપડીયા (રહે. જાહ્નવી બંગ્લોઝ આઈ.ઓ.સી રોડ ચાંદખેડા) એ **ચાંદખેડા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૭/૧૭ રાતના ૯/૩૦ થી તા.૧૨/૭/૧૭ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન આઈ.ઓ.સી રોડ ચાંદખેડા ખાતે કમલ સ્ટુડીયો નામની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી કેમેરા નંગ-૨ ૪૦,૦૦૦/- મોબાઈલ ફોન નંગ-૫ અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**શાહીબાગઃ કૌશીકભાઇ જ્યંતીભાઇ પટેલ (રહે. શાલીમાર ફ્લેટ સરકીટ હાઉસ શાહીબાગ**) એ તા.૧૨/૭/૧૭ નારોજ **શાહીબાગ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૭/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૧૨/૭/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન **શાહીબાગ રાજસ્થાન હોસ્પીટલ પાછળ આવેલ સોમા એપાર્ટમેન્ટ ખાતે રહેતા** કૌશિકભાઈના ભાઈના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રૂપિયા ૩,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી **કે.કે.દેસાઇ** ચલાવે છે.

**અમરાઈવાડીઃ**જયપ્રકાશ સિયારામ રાઠોર (રહે.પટેલવાડી ગોપાલનગર **અમરાઈવાડી**) એ **અમરાઈવાડી** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૭/૧૭ થી તા.૧૨/૭/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ગોપાલનગર ધનજીભાઈ ચેમ્બર દુકાન નંબરનુ પતરૂ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એસ.પાટીલ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** જયપ્રકાશ સિયારામ રાઠોર (રહે.પટેલવાડી ગોપાલનગર **અમરાઈવાડી**) એ **અમરાઈવાડી** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૭/૧૭ થી તા.૧૨/૭/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ગોપાલનગર ધનજીભાઈ ચેમ્બર દુકાન નંબરનુ પતરૂ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એસ.પાટીલ ચલાવે છે.

ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪૩૬/૧૭

**વાસણાઃ** કિશોરભાઇ રમેશભાઇ પીથીયાણી (રહે. ઉર્વશી બંગલોઝ માયા સિનેમા રોડ જી વોર્ડ કુબેરનગર સરદારનગર) એ તા૧૨/૭/૧૭ બપોરના ૨/૦૦ વાગે વેજલપુર જીવરાજ ચાર રસ્તાની બાજુમાડીલક્ષ પાર્ટી પ્લોટ ન્યુ વિજય રેડીમેડ સેલ નામની દુકાન આગળ પાર્ક કરેલ પોતાની ગાડીના દરવાજાનુ લોક ખોલી મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કારમાંથી બેગની ચોરી કરી લઈ ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- તેમજ પરચુરણ ચીજ વસ્તુઓ અને કાગળો હતા આ અંગેની ફરીયાદ કિશોરભાઇ પીથીયાણીએ **વાસણા** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દીનેશભાઇ કાનજીભાઇ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ સમાચાર યાદી નં.૧૪૩૭/૧૭

**સરખેજઃ** સરખેજ આંબલી આર્યન ઓમ્યુનલની સાઈડમા બેઝમેન્ટમા આબલી ઈસ્કોનરોડ જયંતીલાલ પાર્ક બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે મજુરોની બનાવેલ પતરાની ઓરડીમા રહેતા અને ત્યાજ મજુરી કામ કરતા ભુરીબહેન વા/ઓ સંતોષભાઈ ખુમાન વસુનીયા (ઉ.વ.૨૬) તા.૧૨/૭/૧૭ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે રહેણાંકની ઓરડીના પતરાને અડતા વીજ કરંટ લાગતા સ્થળ ઉપર તેમનું મૃત્યુ નિપજયું હતુ આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ. બી.ધાધલ્યા ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૪૩૮/૧૭

**શાહીબાગઃ** કેતકીબહેન વા\ઓ જીગ્નેશભાઇ શાહ (ઉ.વ.૪૦) (રહે. રુશિકા એપાર્ટમેન્ટ શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૨/૭/૧૭ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઇશ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

**નરોડાઃ** જીગ્નેશ નટવરભાઇ સોલંકી (ઉ.વ.૩૬) (રહે. પાર્થ ટેનામેન્ટ કુશ ઇન્ટરસીટીની બાજુમા નવા નરોડા) એ છેલ્લા ત્રણ ચાર વર્ષથી ગંભીર બિમારીથી કંટાળી તા.૧૨/૭/૧૭ સાંજના ૫/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિરેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.